# અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ગણપતિદાદાનું વાજતે-ગાજતે સ્વાગત

અરવલ્લી, તા. ૨૫

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં શુક્રવારે ગણેશચતુર્થીના દિવસે ઠેર ઠેર વિઘ્નહર્તા ગણેશજીની પ્રતિમાનું સ્થાપન વાજતે-ગાજતે કરવામાં આવ્યું હતું. બંને જિલ્લાના વાતાવરમમાં ગણપતિબાપા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રાવણ મહિનામાં ભક્તો શિવભક્તિમય બન્યા હતા હવે ગણેશ ભક્તિનો પ્રારંભ થતા વાતાવરણ ભક્તિમય બન્યું છે.

અરવલ્લી-સાબરકાંઠા બાયડ, ભિલોડા, ધનસુરા, સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, પ્રાંતિજ, ખેડબ્રહ્મા, વડાલી, વિજયનગર, ઈડર સહીત બંને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં વિવિધ યુવક મંડળો દ્વારા દુંદાળાદેવ ગણપતિ દાદાની મૂર્તિનું રંગેચંગે



મોરિયાના જયઘોષ ગુંજી ઉઠ્યા હતા. દુંદાળા દેવ વિઘ્નહર્તા ગણપતિદાદાના ભજનો દ્વારા જાહેર સ્થળોએ, ધંધા-રોજગાર સ્થળો, શૈક્ષણિક સંસ્થાઓ અને ઘરે-ઘરે ગણપતિદાદાની સ્થાપના કરી ભક્તિમાં લીન બની ગયા હતા. બંને જિલ્લાના મુખ્ય શહેરમાં વિવિધ ગણપતિ મંડળ દ્વારા ૧૦ દિવસ સુધી જિલ્લામાં ગણેશ મહોત્સવ અને ગણેશ સ્થાપનાની ઉજવણી ઉમંગભેર કરવા માટે ગણેશજીના ભક્તોએ મહિના અગાઉથી તૈયારીઓ હાથ ધરી શુક્રવારે ગણેશ ચતુર્થીના દિવસે બેન્ડ અને ડી.જે.ના તાલે ઠેર ઠેર સ્વાગત કરી સ્થાપન કરવામાં આવ્યું હતું. અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા, માલપુર, મેઘરજ, સ્થાપન કરતા વાતાવરણ ગણેશમય બની ગયું હતું. મોડાસા તાલુકાના મેઢાસણ ગામે આવેલા રિદ્ધિ-સિદ્ધિ ગણપતિદાદાના મંદિર ગણેશચતુર્થી નીમિત્તે વિઘ્નહર્તા ગણપતિદાદાના દર્શનાર્થે ભક્તો વહેલી સવારથી જ ભક્તોનું ઘોડાપુર ઉમટ્યુ હતુ અને મંદિર નજીક પરંપરાગત રીતે ભારત લોકમેળામાં લોકોએ લુપ્ત ઉઠાવ્યો હતો.



## ખેડબ્રહ્મા અંબિકા માતાજીને ૨૫૦ ગ્રામ સોનાના દાગીના અર્પણ

ખેડબ્રહ્મા અંબિકા માતાજીને સોનાનો હીરા ઝડીત મુગટ, બે કુંડલ, મંગળસુત્ર તથા સોનાની ખોલવાળી બંગળીઓ સહીત ૨૫૦ ગ્રામ સોનાના દાગીના એક અનામી દાતા તરફથી અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે દાતાનો પરિવાર, ટ્રસ્ટના ટ્રસ્ટી પરસોત્તમદાસ પટેલ, પ્રવિણસિંહ સોલંકી તથા મેનેજર ઘનશ્યામસિંહ રહેવર ઉપસ્થિત રહ્યા હતા. અને દાતા પરિવારનો આભાર માન્યો હતો.

# પ્રાંતિજ સર્કલ સિનેમા પાસેથી વિદેશી દારૂની હેરાફેરી કરતી રીક્ષા ઝડપાઈ

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કમાલપુર પાસે આવેલ સર્કલ સિનેમાં રોડ ઉપર રાત્રીના સમયે રીક્ષામાં દારૂની હેરાફેરી કરતી જોતા રીક્ષા મુકીને ઘટના સ્થળેથી ભાગી ગયો હતો અને પ્રાંતિજ પોલીસને વહેમ જતા રીક્ષા જોડે જઈ તપાસ કરતાં અંદરથી રોયલ ટેક્ષ બોટલ પેટી ૧ બોટલ નંગ-૧૨ જેની



રીક્ષા મળી આવી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશનથી મળતી માહિતી મુજબ રાત્રીના સમયે પ્રાંતિજ પોલીસ મદનસિંહ તથા રાજેન્દ્રસિંહ કોબીંગ દરમ્યાન કમાલપુર પાસે આવેલ સર્કલ સિનેમા રોડ ઉપર વિદેશી કંપનીનો દારૂ ભરેલ રીક્ષા નંબર- જીજે-૦૯-એએક્ષ-૦૬૫૭નો ચાલક પોલીસને કિંમત-૪૨૦૦ તથા હેવર્સ ૫૦૦૦ માર્કાની બિયર પેટી નંગ- ૨ બોટલ નંગ-૪૮ જેની કિંમત- ૪૮૦૦ મળી કુલ-૯૦૦૦ નો વિદેશી કંપનીનો દારૂ સહિત રીક્ષાની કિંમત- ૫૦૦૦૦ મળી કુલ-૫૯૦૦૦નો મુદામાલ પ્રાંતિજ પોલીસે કબજે લઈને અજાણ્યા રીક્ષા ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# શામળાજી પોલીસે ટ્રકમાં સફરજનના બોક્સમાં સંતાડીને લવાતો નવ લાખ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપ્યો

શામળાજી, તા. ૨૫

અરવલ્લી જિલ્લાની આંતરરાજ્ય સરહદ પર આવેલી રતનપુર ચેકપોસ્ટ નજીક આવેલા અણસોલ ગામની સીમમાંથી શામળાજી પોલીસે આયશર ટ્રકમાં સફરજનના બોક્સની આડમાં રતનપુર ચેકપોસ્ટ નજીક આવેલા અણસોલ ગામની સીમમાં રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા રાજસ્થાન તરફથી આવતી શંકાસ્પદ આયશર ટ્રક(ગાડી.નં.એચઆર.૪૫-એ-૫૩૯૩)ને અટકાવી તલાશી લેતા પંજાબ) અને અજય સુખદેવ પંડિત (રહે. સંધીર-હરિયાણા)ની ધરપકડ કરી અન્ય એક મોબાઈલ ધારક નં-૦૭૪૨૦૮૪૩૯૦૮ નામનો ફરાર એસ.ટી. શેઠ મદદગારી કરનાર શખ્સ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ટ્રક ગાડી કિંમત



સંતાડીને લાવતો ગેરકાયદેસર વગર પાસપરમીટનો ૯ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડી ટ્રક ચાલક સહીત અન્ય એક શખ્સની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શામળાજી પોલીસે શુક્રવારે સફરજન બોક્સમાં ની આડમાં સંતાડેલો ગેરકાયદેસર વગર પાસપરમીટની વિદેશી દારૂની પેટી નંગ-૧૫૦ કુલ બોટલ નંગ-૭૨૦૦ કિંમત રૂ. ૯૦૦૦૦૦નો ઝડપી ટ્રક ચાલાક કુલવિન્દરસિંગ મહેન્દરસીંગ જાટ (રહે. બાગ્રાહીન- રૂ. ૭૦૦૦૦૦, મોબાઈલ નંગ-૧ કિંમત રૂ.૧૦૦૦ તથા તાડપત્રી, રસ્સી કિંમત રૂ.૧૦૦૦ મળી કુલ રૂ.૧૬૦૨૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી મદદગારી કરનાર શખ્સને મોબાઈલ નંબરના આધારે ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# તલોદ તાલુકા પંચાયતમાં સીડીપીઓની જગ્યા ભરવા માંગ

તલોદ, તા. ૨૫

તલોદ તાલુકા પંચાયતમાં ૧૦૫ જેટલા ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં તાલુકા પંચાયતમાં આવેલા આઈસીડીએસ વિભાગમાં છેલ્લા ઘણા સમયથી ખાલી જગ્યા હોવાથી આ વિભાગનું કામકાજ લોલમલો થઈ ગયુ છે. શહેર અને તાલુકાની ૧૮૫ જેટલી આંગણવાડીનો સમાવેશ પણ થયેલ છે. આઈસીડીએસ વિભાગનો અત્યારે હાલ ચાર્જ પ્રાંતિજના સીડીપીઓને સોંપાયેલ હોવાથી તેઓની તલોદ ખાતે કોઈપણ ફરજ બજાવતા નથી. જેથી સરકાર દ્વારા સ્થાપાયેલી આ આંગણવાડીઓ રામ ભરોશે ચાલે છે.

ભુલકાઓનું શિક્ષીત અંગે કોઈપણ કામગીરી ન થતા ગ્રામજનોએ જિલ્લા વિકાસ અધિકારી અને રાજ્યના મંત્રીઓને જગ્યા ભરવા માંગ પણ કરી છે. આઈસીડીએસમાં એકજ ક્લાર્ક હોવાથી મોડી રાત્રી સુધી કામકાજ કરતા અને કોઈપણ નિર્ણય ન લઈ શકતા આંગણવાડી કાર્યકરો આગળ આ કર્મી વ્યથા અનુભવે છે. સરકાર દ્વારા બાળકોના કુપોષણ અંગે બારોબાર માલ વેચાતો હોવાની કેટલાક ગ્રામજનોએ બૂમરાણ પણ કરી છે. ત્રીજી વખત આંગણવાડીની ૧૮ જેટલી જગ્યાઓ પણ બંધ રહેતા આંગણવાડી માટે કરેલો લાખ્ખોનો ખર્ચ શઉન્ય સંખ્યા વગર, મસમોટા સરકારના પગાર પણ ચુકવાતા. તલોદ આઈસીડીએસ વિભાગની સત્વરે જગ્યા અંગે માંગ ઉઠવા પામી છે.

# ગણપત યુનિવર્સિટીમાં આજે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી પર પ્રવચનનું આયોજન

## ગુજરાતી લોક સાહિત્યના પ્રખર-અભ્યાસી અને રાજ્યના ચિફ માહિતી કમિશનર વસંત ગઢવીનું વ્યાખ્યાન

ગણપતવિદ્યાનગર, તા. ૨૫

ગણપત યુનિવર્સિટીની દસ વર્ષની શૈક્ષણિક યાત્રાના દસ વર્ષની ઉજવણીના ભાગરૂપે બે વર્ષ પહેલા શરૂ થયેલી 'યુનિ. વિશિષ્ઠ વ્યાખ્યાન-શ્રેણી' અંતર્ગત આવતીકાલે બપોરે ત્રણ વાગે ગણપત યુનિ. ઓડિટોરિયમ ખાતે વધુ એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે.

'રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેગાણી : ધરા ગુર્જરીનું અણમોલ રતન' વિષય ઉપર ગુજરાતી લોક સાહિત્ય અને લોકજીવનના પ્રખર અભ્યાસુ અને આઈએએસ અધિકારી તરીકે નિવૃત્ત થઈ રાજ્ય સરકાર દ્વારા ફરી ચિફ માહિતી કમિશનર તરીકે નિમણુંક પામેલા વિદ્વાન વ્યાખ્યાતા વસંત ગઢવી આ અવસરે મેઘાણીના જીવન અને કવનના અનેકવિધ ઉજાતા પાસાઓને પોતાની આગવી શૈલિમાં ઉઘાડી આપશે.





મહેસાણા શહેરમાં રાજમહેલ રોડ ઉપર ગણપતિ મંદિરે ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા ઉજવાતા વર્ષ પરંપરાગતરીતે ગણેશ મહોત્સવની ઉજવણી આ વર્ષે પોલીસ દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપી રથયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. ઉપરોક્ત તસવીરમાં મંદિરના ટ્રસ્ટી બાબુપુરી ગોસ્વામી, મંદિરના લાલજી મહારાજ જય ગજાનંદના નારાથી ગુંજી ઉઠ્યો હતો.

# મોડાસા ખાતે અરવલ્લી જિલ્લાની જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરીનું ઉદ્‌ઘાટન

અરવલ્લી, તા. ૨૫

અરવલ્લી જિલ્લાના મોડાસા જિલ્લા સેવાસદન ખાતે જાહેર ટ્રસ્ટની આસીસ્ટન્ટ ચેરીટી કમીશનર કચેરીનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના કાયદા વિભાગ હસ્તક ચેરીટી તંત્રની જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરીનું ઉદ્‌ઘાટન પ્રસંગે સંસદ સભ્ય દિપસિંહ રાઠોડે જણાવ્યું હતું. સાબરકાંઠામાંથી છુટા પડેલા અરવલ્લી જિલ્લાના લોકોને ટ્રસ્ટની નોંધણી કરાવવા માટે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે જવું પડતુ હતુ. ખૂબજ લાંબા સમયથી માંગણીના અંતે આજરોજ જિલ્લા સેવાસદન ખાતે ચેરીટી કમિશનર કચેરીનું આજરોજ સ્થાઈ થઈ છે. અરવલ્લી જિલ્લામાં કુલ ૫૪૨૧ જેટલા જાહેર ટ્રસ્ટો નોંધાયેલા છે. હાલમાં જાહેર ટ્રસ્ટની સોસાયટી સાથે ધાર્મીક સંસ્થાઓ શૈક્ષણિક એજ્યુકેશન ટ્રસ્ટો તેમજ એનજીઓ આ કચેરી સાથે સંકળાયેલી છે. ટ્રસ્ટોની નોંધણી ૯૦ દિવસ બાદ રજીસ્ટ્રેશન કરવામાં આવે છે. મીલકત લેવી હોય તેમજ વેચાણ કરવી હોય તો ટ્રસ્ટમાં નોંધણી કરવી ફરજિયાત છે. જાહેર ટ્રસ્ટોનો ફેરફાર કરવો હોય તો ૩ કે ૫ વર્ષ સુધી કરી શકાય છે. જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી કાયદા વિભાગ વહીવટ સંભાળે છે. આ ઉદ્‌ઘાટન પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી, નગરપાલિકા પ્રમુખ વનીતાબેન પટેલ, ઈનચાર્જ મદદનીશ, ચેરીટી કમિશનર પી.કે. રાવલ, ડેપ્યુટી ચેરીટી કમિશનર અમદાવાદ, આસીસ્ટન્ટ કમિશનર પ્રણામી, મ.લા. ગાંધી પ્રમુખ નવીન મોદી, અરવલ્લી જિલ્લાના એડવોકેટો, જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરીના કર્મચારીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

## ISHRAE & ASHRAE પશ્ચિમ ભારત વિભાગનું ઈન્ડોર એર ક્વોલિટી મેનેજમેન્ટ એન્ડ સસ્ટેનેબલ કોલ્ડ સ્ટોરેજ સોલ્યુશન્સ પર વ્યાખ્યાન

ધ ઈન્ડિયન સોસાયટી ઓફ હિટીંગ રેફ્રીજરેટીંગ એન્ડ એર કન્ડીશનીંગ એન્જીનીયર્સ (ઈસરે) વેસ્ટર્ન ઈન્ડિયા ચેપ્ટરનું ૨૫મી ઓગષ્ટ, શુક્રવારના રોજ, નોવોટેલ, અમદાવાદ ખાતે ઈન્ડોર એર ક્વોલિટી મેનેજમેન્ટ એન્ડ સસ્ટેનેબલ કોલ્ડ સ્ટોરેજ સોલ્યુશનન્સ પર વ્યાખ્યાન રાખવામાં આવ્યુ છે. કોન્ફરન્સમાં ઈન્ડોર ક્વોલિટી મેનેજમેન્ટ અને એર ક્વોલિટી મેનેજમેન્ટના વર્તમાન પડકારોના સંદર્ભમાં મહત્વના મુદ્દાઓને સમાવવામાં આવ્યા છે. હાલમાં, સમગ્ર ભારતના મોટાભાગના વિકાસશીલ શહેરોમાં સારી ગુણવત્તાની હવા અને અયોગ્ય કોલ્ડ-સ્ટોરેજ સોલ્યુશન સળગતા મુદ્દાઓ છે. કોન્ફરન્સમાં બગડી જતા માલ માટે રેફ્રિજરેશન અને કોલ્ડ ચેઈન સુવિધાઓના અભાવ સહિતના ટકાઉ કોલ્ડ સ્ટોરેજ ઉકેલો ઉપર પ્રકાશ પાડવામાં આવશે. ભારત દૂધનું વિશ્વનું અગ્રણી ઉત્પાગક તેમજ ફળો અને શાકભાજીનું બીજા ક્રમનું સૌથી મોટુ ઉત્પાદન દેશ છે.

### પધરામણી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહામંડળના પદાધિકારીઓ ઉપરાંત મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. સે-૨૨ રંગમંચ પાછળ સ્થિત વોટર પ્રુફ પંડાલમાં શ્રીજીની સ્થાપના તેમજ પુજા વિધિ કરવામાં આવી હતી. સે-૨૨માં સાવર્જનિક ગણેશોત્વમાં રોજ રાત્રિના વિવિધ ધાર્મિક તેમજ રંગારંગ કાર્યક્રમો યાજાશે. સે-૧૬ સોમનાથ મંદિર સમિતિ આયોજિત ગણેશોત્સવની ઉજવણી અન્વયે પણ આજે સવારે ૮ કલાકે સે-૨૩ સ્થિત બ્લોક નં ૧૦૪ : ૫ ખાતે નરેન્દ્ર વ્યાસના નિવાસ સ્થાનેથી ભગવાન ગણેશજીની પુજા અર્ચના કરવામાં આવી હતી. શિવ સ્વરૂપ ભગવાન ગણેશની ભવ્ય અને દિવ્ય મુર્તિની પુજા વિધી બાદ શોભાયાત્રાનુ પ્રસ્થાન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે ગુડાના ચેરમેન આશિષ દવે સ્થાનિક નગર સેવકો બ્રહ્મસમાજ ગાંધીનગરના પ્રમુખ પિનાકીન રાવલ ,અશ્વિન ત્રિવેદી ,જીગર ત્રિવેદી જયશ્રીબેન ખેતિયા સહીત મોટી સંખ્યામાં સમાજના સભ્યો તેમજ ભાવિકો જોડાયા હતા. ડી જેના સુર વચ્ચે શોભાયાત્રાના રૂટમાં ભાવિકો મનમુકીને ગરબે ઘુમ્યા હતા. સેકટરોમા ફરીને શ્રીજીની ભવ્ય શોભાયાત્રા સે-૧૬ સ્થિત બ્રહ્મભવન પહોંચી હતી. જયાં ભગવાનની પુજા અર્ચના તેમજ આરતી કરવામાં આવી હતી. બ્રહ્મભવન ખાતે રોજ રાત્રિના વિવિધ ધાર્મિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે.

### પ્રમુખ નિમાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીની કામગીરી તેનાથી વહેંચાઈ ગઈ છે. બીજીબાજુ, કોંગ્રેસ પક્ષે ચાર કાર્યકારી પ્રમુખોની નિમણૂંક કરી આગામી વિધાનસભા ચૂંટણીઓને ધ્યાનમાં લઈ વિવિધ સમાજને પણ ન્યાય આપવાનો પ્રયાસ કર્યો છે. ચાર કાર્યકારી પ્રમુખોની નિમણૂંક આગામી ચૂંટણીના જાતિવાદના સમીકરણને લઈને પણ કરાઈ હોવાનો સ્પષ્ટ સંકેત મળી રહ્યો છે. જેમાં તુષાર ચૌધરીને સમાવી આદિવાસી સમાજ, પરેશ ધાનાણીને સમાવી પાટીદાર સમાજ, કુંવરજી બાવળીયાને સમાવી કોળી સમાજ અને કરસનદાસ સોનાલીને સમાવી દલિત સમાજને ન્યાય આપવાનો કોંગ્રેસે પ્રયાસ કર્યો છે. હવે ચાર ઝોનમાં આગામી દિવસોમાં નવનિયુકત કાર્યકારી પ્રમુખોની જવાબદારી વહેંચી જાતિવાદનું કાર્ડ ખેલી કોંગ્રેસ મોટાપાયે મતો આકર્ષવાનો પ્રયાસ કરશે. ચાર નવા કાર્યકારી પ્રમુખોની નિયુકિત બાદ કોંગ્રેસમાં પણ ભારે ચર્ચા ચાલી છે. કારણ કે, આ નિર્ણયના કારણે પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીની જવાબદારી અને સત્તા વહેંચાઈ ગઈ છે અને કામગીરીનું વિસ્તરણ થઈ ગયું છે. કોંગ્રેસે વિધાનસભાની ચૂંટણીઓમાં ભાજપની જાતિવાદના સમીકરણના ફેકટરને મ્હાત આપવા ચારેય સમાજને પ્રાધાન્યતા આપી તેમને કાર્યકારી પ્રમુખોની નિમણૂંકો આપી પોતાની વ્યૂહરચનાનો દાવ ખેલ્યો છે, હવે આગામી દિવસોમાં તે કેટલા અંશે સફળ રહે છે, તેની ખબર પડી જશે.

### હા, સાહેબ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભુલ કરનારા હજી માફી માંગવા આગળ આવતા નથી..!! સંવત્સરીના પાવન પર્વે હિંસા-તાંડવ ખેલાઈ રહ્યું છે ત્યારે...''

''... ત્યારે... ત્યારે.. કાંઈ નહીં આપણે પરમતત્વને પ્રાર્થીએ કે અમારી ભુલોને માફ કરી દો..! અમને આવા દશ્યો ઓછા જોવા પડે એવી સ્થિતિ-પરિસ્થિતિનું જ નિર્માણ થાય..! ... અને હા..! અંતરના ઊંડાણથી મિચ્છાની દુકડમ કહીએ..!''

''... પણ સાહેબ... આજે આપણે પણ આપણા શબ્દોથી-આપણી લેખન શૈલીથી-જાણે-અજાણે મનને ઘસરકો લાગ્યો હોય તેવા સૌ વાંચકો-વિવેચકો અને શુભેચ્છકો સૌને મિચ્છામી દુકડમ પાઠવી જ દઈએ ને..!?!

- નિમિત્ત માત્ર

### હિંસા ભડકી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉપર ફેલાઈ ગયા હતા. લાકડી લઈને પણ ઘણી જગ્યાએ ઉભા રહ્યા હતા. આવી સ્થિતિમાં સમગ્ર પ્રદેશમાં કલમ ૧૪૪ બિલકુલ બિનઅસરકારક દેખાઈ હતી. પંજાબ અને હરિયાણામાં ભારે હિંસા ભડકી ઉઠી હતી. વાહનો ફૂંકી મારવામાં આવ્યા હતા. સાધ્વી પર બળાત્કારના મામલામાં દોષિત જાહેર થવામાં આવ્યા બાદ રામ રહીમને ૨૮મી ઓગસ્ટના દિવસે સજાની જાહેરાત કરવામાં આવશે. ચુકાદા બાદ પંજાબ અને હરિયાણામાં તેમના સમર્થકો હિંસા ઉપર ઉતરી આવ્યા હતા. દિલ્હીમાં આનંદવિહાર ટ્રેનમાં આગ લગાવી દેવામાં આવી હતી. સૌથી વધારે અસરગ્રસ્ત પંચકુલામાં સેનાની તૈનાતી કરવામાં આવી છે. દિલ્હી, પંજાબ અને હરિયાણાના મુખ્યમંત્રીઓએ શાંતિ જાળવી રાખવાની લોકોને અપીલ કરી છે. બાબા રામ રહીમના સમર્થકોએ લોનીમાં બસને આગ ચાંપી દીધી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે કહ્યું છે કે, શાંતિ જાળવી રાખવાના પગલા લેવાઈ રહ્યા છે. હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટરે કહ્યું છે કે, તોફાની તત્વો સામે આકરી કાર્યવાહી કરવામાં આવશે. પંચકુલામાં સૈનિકોની છ ટુકડીઓ તૈનાત કરી દેવામાં આવી છે. સામાન્ય લોકો ઉપર સૌથી માઠી અસર જોવા મળી હતી. દુકાનો અને વાહનોને આગ ચાંપી દેવામાં આવ્યા હતા. પંચકુલાના આવાસી વિસ્તારોમાં પણ સમર્થકો ઘુસી ગયા હતા. લુધિયાણામાં પણ અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. હિંસાના કારણે સમગ્ર દેશ ફરી એકવાર હચમચી ઉઠ્યું હતું.

ચુકાદાને લઈને કોઈ પણ હિંસા ન થાય તે માટે પણ પગલા લેવામાં આવ્યા હતા છતાં આજે વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. હિંસાની આશંકાને ધ્યાનમાં લઈને ગઈકાલે જ હરિયાણા અને પંજાબમાં હાઈ એલર્ટની જાહેરાત કરવામાં આવી હતી. હરિયાણાની સરહદને સીલ કરી દેવામાં આવી હતી. મોટી સંખ્યામાં અર્ધલશ્કરી દળોને એલર્ટ રાખવામાં આવ્યા હતા. ઉત્તર રેલવેએ શુક્રવારના દિવસે પંજાબ તરફ જતી ૨૨ ટ્રેનોને રદ કરી દીધી હતી. ગઈકાલે ગૃહમંત્રાલયની તાકિદની બેઠક યોજાઈ હતી. દરમિયાન રામ રહીમે પણ ગઈકાલે ટ્વિટ કરીને સમર્થકોને અપીલ કરી છે કે, શાંતિ જાળવી રાખવામાં આવે પરંતુ તેમની અપીલની અસર દેખાઈ ન હતી અને વ્યાપક તોફાનો ભડકી ઉઠ્યા હતા. હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટરે તમામ મંત્રીઓ અને ધારાસભ્યોને પોતાના મતવિસ્તારમાં રહેવાની સલાહ આપી હતી. સરકારે સ્થિતિને ધ્યાનમાં લઈને મોબાઈલ ઈન્ટરનેટ સેવા પર પ્રતિબંધ મુકી દીધો હતો. સોશિયલ મિડિયાને પણ પ્રતિબંધિત કરવાનો નિર્ણય કર્યો હતો. ગુરમિત રામ રહીમના આશરે બે લાખ સમર્થકો પહેલાથી જ પંચકુલા અને બંને રાજ્યો તથા આસપાસના વિસ્તારોમાં પહોંચી ગયા હતા. ગઈકાલે ગુરુવારના દિવસે જ હરિયાણા રોડવેઝે ચંદીગઢ અને પંચકુલા વચ્ચેની બસો બંધ કરી દીધી હતી. ચંદીગઢથી ૪૫ કિલોમીટરના અંતરે સ્થિત અંબાલા શહેરમાં કોઈપણ પ્રકારની સરકારી, ખાનગી અને અન્ય વાહનોને મંજુરી અપાઈ ન હતી. પંજાબમાં પણ આવા જ પગલા લેવાયા આવ્યા હતા. ભટિંડા, ફરિદકોટ અને ફજિલકામાં સાવચેતીના પગલા લેવાયા હતા. ખુલ્લા પેટ્રોલ અને ડિઝલના વેચાણ ઉપર પ્રતિબંધ મુકી દીધો હતો. હરિયાણામાં ત્રણ દિવસ સુધી સ્કૂલ કોલેજોને બંધ રાખવાનો આદેશ કરાયો હતો. બસની અવરજવર બંધ કરાઈ છે. અધિકારીઓની રજા રદ કરાઈ હતી. પંજાબ રોડવેઝને પણ બસ ન દોડાવવાની સૂચના અપાઈ હતી.

### શાનદાર જીત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શ્રીલંકા તરફથી અંકિલા ધનાજંયે ૫૪ રન આપીને છ વિકેટ ઝડપી હતી. એક વખતે એવુ લાગતુ હતુ કે ભારત મેચ હારી જશે પરંતુ ધોની અને ભુવનેશ્વર કુમારે આઠમી વિકેટની રેકોર્ડ ભાગીદારી નોંધાવી હતી. અગાઉ પ્રથમ બેટિંગ કરતા શ્રીલંકાએ નિર્ધારિત ૫૦ ઓવરમાં આઠ વિકેટે ૨૩૬ રન બનાવ્યા હતા. ભારત તરફથી બુમરાહે ૪૩ રન આપીને ચાર વિકેટ ઝડપી હતી. ભારતે હવે શ્રેણીમાં ૨-૦ની લીડ મેળવી લીધી છે.

### વિસ્તરણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સાહસિકને પ્રોત્સાહગ્ન આપવા સાથે સંબંધિત ખાતામાં ફેરફાર કરવામાં આવી શકે છે. કેન્દ્રિય કેબિનેટમાં ફેરફારની ચર્ચા છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહી છે. હાલમાં એકપછી એક રેલવે દુર્ઘટના થયા બાદ રેલવે પ્રધાન સુરેશ પ્રભુ રાજીનામુ આપી દેવાની વાત કરી ચુક્યા છે. આવી સ્થિતીમાં તેમના રાજીનામાને સ્વીકારી લેવામાં આવશે કે કેમ તેને લઈને ભારે ચર્ચા છે. હાલમાં સુરેશ પ્રભુને રાહ જોવા માટે કહેવામાં આવ્યુ છે. રેલવે પ્રધાનને પણ બદલી દેવામાં આવે તેવી શકયતા દેખાઈ રહી છે. કેન્દ્ર સરકાર તેની યોજના અંગે માહિતી તમામ લોકો સુધી સરળ રીતે અને ઝડપી પહોંચે તેવી અપેક્ષા ધરાવે છે. આવી સ્થિતીમાં મજબુત અને યુવા નેતાઓને તક આપવામાં આવી શકે છે. જેડીયુને કેવા અને કેટલા ખાતા મળે છે તે બાબત ઉપયોગી રહી શકે છે. વધારાનો હવાલો સંભાળતા પ્રધાનો પાસેથી પણ વધુ ખાતા આંચકી લેવામાં આવશે અને નવી નિમણૂંક કરવામાં આવશે. ૨૦૧૯માં યોજાનારી સામાન્ય ચૂંટણી પહેલા આ મહત્વપૂર્ણ કેબિનેટ ફેરફાર તરીકે છે. બે વર્ષ લોકસભા ચૂંટણીને રહી ગયા છે. ચૂંટણી પહેલા પરિણામ આપવાની નવા પ્રધાનો પાસે તક રહેશે. સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિની રચનામાં ફેરફાર થાય તેવી શક્યતા ઓછી છે. આ કમિટિમાં વડાપ્રધાન ઉપરાંત નાણા, ગૃહ, વિદેશ અને સંરક્ષણ પ્રધાનોનો સમાવેશ થાય છે. વડાપ્રધાન મોદી ત્રીજી સપ્ટેમ્બરના દિવસે ચીન અને મ્યાનમારના પ્રવાસે જઈ રહ્યા છે. આ પહેલા કેબિનેટનું વિસ્તરણ કરવામાં આવે તેવી શક્યતા છે. ભાજપ શાસિત ઉત્તર પ્રદેશ અને મધ્યપ્રદેશમાંથી વધારે પ્રતિનિધિત્વ મળી શકે છે. જેડીયુ એનડીએમાં સામેલ થયા બાદ તેના બે પ્રધાનોને કેબિનેટમાં સામેલ કરવામાં આવશે જે પૈકી એકને કેબિનેટ અને એકને જુનિયર પ્રધાન તરીકે બનાવવામાં આવી શકે છે. આ વખતે મોદી સરકારની લોકપ્રિય યોજનાઓ લોકો સુધી પહોંચે તેનો મુખ્ય હેતુ રખાયેલો છે જેથી યોજનાઓના લાભ લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ કરવામાં આવશે.